Alembic Touching Lives over 100 years

**એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ**

રજીસ્ટર્ડ ઓફિસ : એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
CIN: L24230GJ2010PLC061123
ફોન : +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૨૮૨૫૦૬
ઈ-મેલ : apl.investors@alembic.co.in
વેબસાઈટ : www.alembicpharmaceuticals.com

## નોટીસ
## (કંપનીના ઈક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદીલ કરવા બાબત)

આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત, એવા બધાજ શેર્સ કે જે શેર્સ ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઇ નથી તે ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF)નાં ડીમેટ ખાતામાં તબદીલ કરવાની જોગવાઇ છે.

નિયમોમાં નિર્ધારિત વિવિધ આવશ્યકતાઓનું પાલન કરતા, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરવાપાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરધારકોને વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકોની વિગતો જેવી કે નામ અને ફોલીઓ નંબર/ ડીપી આઈડી, ક્લાયન્ટ આઈડી નીચે દર્શાવેલ વેબલીંક http://www.alembicpharmaceuticals.com/iepf/ ઉપર મુકેલ છે.

દરેક નાણાકીય વર્ષમાં માંગણી નહી કરાયેલ ડીવીડન્ડની વિગતો નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છે:
http://www.alembicpharmaceuticals.com/unpaidunclaimed-dividend/

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતોને ચકાશે અને તેમના માંગણી નહી કરાયેલ ડિવિડન્ડનો દાવો તરતજ કરે.

જેમના શેર્સ IEPF ડીમેટ ખાતામાં તબદીલ થવા પાત્ર છે તેવા શેરધારકોએ નોંધ લેવી કે તેમના શેર્સ ફીઝીકલ કે ઇલેક્ટ્રોનિક ફોર્મમાં, નિયમોમાં આપેલ કાર્યપદ્ધતિ પ્રમાણે IEPF ડીમેટખાતામાં સ્થાનાંતરિત કરવામાં આવશે. ફીઝીકલ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, IEPF ના ડીમેટ ખાતામાં શેર્સના સ્થાનાંતરણ પછી, તેમના નામમાં નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ થઈ જશે અને બિન વાટાઘાટપાત્ર (નોન - નેગોશીયેબલ) માનવામાં આવશે. ડીમેટ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, કંપની IEPF ડીમેટ ખાતાની તરફેણમાં તેમના ડીમેટ ખાતામાં રહેલા શેર્સના ટ્રાન્સફર માટે કોર્પોરેટ એક્શન દ્વારા સંબંધિત ડીપોઝીટરીને જાણ કરશે.

શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઇટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા નિયમો અનુસાર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરવા માટે અને નવા શેર સર્ટીફીકેટો જારી કરવા માટે પૂરતી નોટીસ તરીકે ગણાશે.

જો ૩૧મી ઓગષ્ટ, ૨૦૨૦ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઈ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઇના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપદ્ધતિ પ્રમાણે કંપનીના કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી અથવા જવાબદારી વગર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરાશે.

શેર ધારકોએ નોંધ લેવી કે IEPF માં તબદીલ થયેલા, ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઇ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્યપદ્ધતિ મુજબ IEPF ઓથોરીટી પાસેથી વેબ ફોર્મ IEPF-5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઇ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ લીંક ઇન ટાઇમ ઇન્ડીયા પ્રા. લી. બી-૧૦૨-૧૦૩ શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન નં. +૯૧ ૨૬૫ ૨૩૫૬૫૭૩, ૬૧૩૬૦૦૦ ઈ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ વતી,

સહી/-

**ચરનદીપ સિંઘ સલુજા**
કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૪થી જુન, ૨૦૨૦

આ નોટીસ કંપનીની વેબસાઇટ www.alembicpharmaceuticals.com ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.nseindia.com અને www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.